સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઘૂસી જાય છે ચીના ઘર સુધી, તંત્ર ગાફેલ છે!?
વધારાય છે એન જૂનાં નિવેદન - બાફેલ છે!
વસાવો 'રોજ અવનવાં શસ્ત્રો કર્યા કરો પૂજા...'
ફૂલાવો છાતી ગર્વથી અમારી પાસે રાફેલ છે!!

હાઈકુ

ફેરવી નાખો !
જાદુઈ લાકડી, ને -
આય બમણી...

ભરે છે પેટ
લૂખ્ખાં આશ્વાસનોથી -
થાય છે 'ગેસ'

ચિંતન

વૈદૂષ્યમલં કારેણાચ્છાદ્દધ્તે ॥

ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અલંકારો વિદ્યાને ઢાંકી દે છે.

વિદ્યા જ મનુષ્યની સાચી સુંદરતા છે. મનુષ્ય શૃંગારપ્રિય હોય અને સાથે સાથે વિદ્વાન પણ એ બંને વિરોધાભાસી બાબતો છે. વિદ્વાન મનુષ્યનું હૃદય જ્ઞાન જ્યોતિથી પ્રકાશમાન અને સુશોભિત હોય છે. જ્ઞાન જ વિદ્વાનનું સાચું આવરણ છે. જો કોઈ વિદ્વાન નામધારી પુરુષ કે સ્ત્રી કૃત્રિમ આભૂષણો અને સાજ સજ્જાથી દેહ સજાવી વિદ્વાન કે જ્ઞાની હોવાનો દંભ કરે તો સમજી લેવું જોઈએ કે તેની વિદ્યા જ્ઞાન રહિત છે.

વિદ્વાન પંડિતનું સાચું જ્ઞાન એ જ આભૂષણ છે માત્ર સુવર્ણના આભૂષણથી બાહ્ય 'કિંમત' વધારવાનો કોઈ અર્થ નથી - આજકાલ ગંદકી અને પરસેવાની દુર્ગંધ દૂર કરવા - ગુપ્ત રાખવા 'સ્પ્રે' છાંટવામાં આવે છે એમ. સ્નાનથી સાચી પવિત્રતા મળે.

સુવિચાર

- શેતાન સારા આળસુઓમાંથી પોતાના શિષ્ય પસંદ કરે છે - **ઈજિપ્તની કહેવત**
- માનવજીવનના અડધા દુઃખ પરસ્પર દયા, પરોપકાર અને સહાનુભૂતિથી નિવારી શકાય - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ રિવાજના એટલા કટ્ટર પક્ષપાથી ન બનો,
  કે સત્યનું બલિદાન આપીને તેની પૂજા કરવા લાગો - **ચંદ્રકાન્ત બક્ષી**
- પોતાના કાર્યને કરવાની ક્ષમતા જન્મથી જ હોય, વયથી નહીં - **વજુકોટક**
- કર્મયોગનો અર્થ છે કે સામે મૃત્યુ હોય તો પણ કોઈ પણ તર્ક-વિતર્ક કર્યા વિના
  બધાની બને તેટલી મદદ કરવી - **બોધિવૃક્ષ**
- જેનો તિરસ્કાર કરશો તેનો ભય લાગશે. સાપનો, વાઘનો તિરસ્કાર છે તેથી ભય લાગે છે - **આમસૂત્ર**
- આજનું ઔષધ : દસગ્રામ માખણ - વીસ ગ્રામ મધ મિક્સ કરી નાના બાળકોને ખવડાવવાથી તેમની યાદ શક્તિ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈચ્છા મૃત્યુ ભીષ્મ પિતામહને મળે, એવું વિરલ મૃત્યુ સૌના ભાગ્યમાં ન હોય. જન્મે કેવો અને કોને ત્યાં આવશે તે આપણા હાથમાં નથી, એ જ રીતે મૃત્યુ પણ આપણા હાથમાં નથી. છતાં લોકો મનગમતા મૃત્યુ માટે પ્રાર્થના કરતા હોય છે. એક શેઠ હતા. બીમાર પડ્યા પથારીમાં પડ્યા પડ્યા. રોજ પ્રાર્થના કરતા : હે ભગવાન, મને ઉપાડી લે. પણ ઈશ્વરની કંઈક બીજી ઈચ્છા હશે. આથી કાકા તો સંપૂર્ણ સાજા થયા અને પેઢી પણ પણ જવા લાગ્યા. એક દિવસ અચાનક દૂત આવ્યો અને કહ્યું, 'શેઠ, ઉપર આવવું છે ?' શેઠે જવાબ આપ્યો. 'અરે મહારાજ, હવે તો હું સાવ સાજો છું. પેઢી પર ધંધો સંભાળું છું. વળી થોડા દિવસો પછી મારા પૌત્રના લગ્ન છે તે પ્રસંગ પછી મને જરૂર લેવા આવજો. દૂત મર્મમાં હસ્યો અને ચાલ્યો ગયો. બે દિવસ પછી શેઠને છાતીમાં દુઃખાવો શરૂ થયો. શ્વાસ ચડી ગયો. આંખો ચકળવકળ થવા લાગી. ન સહેવાય તેવું દર્દ થવા લાગ્યું. પાછો દૂત આવ્યો.' શેઠ બોલ્યા, 'ભાઈ, માથી સહન નથી થતું તું મને અત્યારે જ લઈ લે.' દૂતે કહ્યું, 'પણ તમારા પૌત્રનાં લગ્ન બાકી છે એનું શું.' શેઠ બોલ્યા 'હવે આ દુઃખાવો મટે તેમ નથી એટલે હું મૃત્યુ માગું છું.' શેઠ એ રાત્રે ખૂબ હેરાન થયા. અને છેલ્લા શ્વાસે એટલું જ બોલી શક્યા 'હે ભગવાન !!' હવે હું સમજી ગયો છું કે માગ્યા મોત ન મળે...!! અને શેઠ દેહ છોડી દીધો.

ગુજરાતની પ્રાચીન રાજધાનીની પ્રાણપ્રતિષ્ઠા

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતના ઐતિહાસિક નગર વડનગરનું ફરજંદ છે. વડનગર ગુજરાતની પ્રાચીન રાજધાની તરીકેની પ્રતિષ્ઠા પણ ધરાવે છે. એ દ્વાદશ કોશી નગર હતું એટલે કે ભાર કોસ પર્યંત વિસ્તરેલું હતું અને કલા સંસ્કૃતિનું કેન્દ્ર હોઈ એને વિશેષ સુરક્ષાકવચ અપાયું હતું. રજવાડાં અંદરોઅંદર લોહિયાળ રાજરમત ખેલતાં રહેતાં પણ વડનગર પર ક્યારેય હુમલો ન કરાતો. તે સમયના ઉત્તમ સંગીતવિદો, નૃત્યકારો અને વારાંગનાઓની આ નગરીમાં અનેક વાવ, મંદિર અને સરોવર હતાં. એનું પ્રાચીન નામ 'આનંદ નગર' અથવા 'આનર્તપુર' હતું. બૌદ્ધકાલીન સંસ્કૃતિના અવશેષો મળ્યા પછી વડનગરની નીચે દટાયેલી એ પ્રાચીન નગરીના અવનવા સંદર્ભો ઉજાગર થઈ રહ્યા છે. રાષ્ટ્રની સૌથી મેધાવી નાગર જ્ઞાતિના કુળદેવતા હાટકેશનું કલાત્મક શિલ્પો વાળું ભવ્ય મંદિર, વડનગરનું સોલંકીયુગીન તોરણ અને નરસિંહ મહેતાની ચૉરી કે તાનારીરીની દેરી ઉપરાંત શર્મિષ્ઠા તળાવને કારણે વડનગરનું અમસ્તું પણ ગુજરાતનાં અન્ય નગરોથી નોખું પડતું હતું. જૂના ગાયકવાડી વડોદરા રાજયના ખેરાળુ મહાલ હસ્તક મુકાયેલ આ નગરને શંકરસિંહ વાઘેલાના શાસનકાળમાં તાલુકાની ગરિમા સાંપડી અને ડૉ. દ્વારકાદાસ જોષી જેવા સમર્પિત સર્વોદય કાર્યકર તથા ડૉ. વસંત પરીખ જેવા પ્રખર લોકનેતાને કારણે એની ઝંખવાયેલી છબી પરથી ધૂળ જરૂર ખંખેરાતી રહી પરંતુ એની સાચી પ્રાણપ્રતિષ્ઠા તો એ જ નગરના અદના સપૂત નરેન્દ્ર મોદીના ભાગ્યમાં જ લખાયેલી હતી ! વડનગરને એક હેરીટેજ નગર તરીકે વિકસાવી ઍથેન્સના એક્રોપોલિસ જેવું અંડર ગ્રાઉન્ડ હેરીટેજ મ્યુઝિયમ તથા તાનારારી સંગીત અકાદમી આપવાનું શ્રેય નરેન્દ્ર મોદીના ફાળે જશે. એને અમદાવાદ - તારંગા લાઈન ઉપર અદ્યતન રેલવે સ્ટેશન ઉપરાંત મેડિકલ કૉલેજ અને વિશાળ હોસ્પિટલ તો ક્યારનાંય મળી ચૂક્યાં છે. વડનગરના ધૂળિયા રસ્તા પાકા ડામર રોડના નેટવર્કમાં ફેરવાઈ ગયા છે અને જવાહર નવોદય સ્કૂલથી લઈ અનેક વિદ્યાશાખાઓથી વડનગર શોભી ઊઠ્યું છે. મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી વહાલા વતનની મુલાકાતે ગયા હતા ત્યારે ભાવુક બની ગયા હતા કારણ કે સત્તર વર્ષની કાચી વયે ગામ છોડ્યા પછી એમને ત્યારે પહેલી જ વાર એના પાદરમાં પગ મૂક્યો હતો. શર્મિષ્ઠા તળાવનો જીર્ણોદ્ધાર, તાનારીરીની દેરીઓનું પુનર્નિર્માણ અને હ્યુએનસંગ જેવા ચીની યાત્રીને જે કારણસર વડનગર આવવાનું અને રહી પડવાનું મન થયેલું તે સાંસ્કૃતિક વૈભવનું પુનરાવર્તન નરેન્દ્ર મોદીના શાસનકાળમાં થતાં હવે વડનગર દેશ અને દુનિયાનું પ્રવાસન સ્થળ બની રહેશે. જે હાઈસ્કૂલમાં મોદી એસએસસી સુધી ભણ્યા હતા તે બી.એન. હાઈસ્કૂલ હવે આંતરરાષ્ટ્રીય યોગ વિદ્યાપીઠમાં ફેરવાઈ જશે. ભૂમિનું પણ ભાગ્ય જાગતું હોય છે. સદીઓથી સુષુપ્ત રહેલા વડનગરરનો રાજયોગ ખીલી ઊઠ્યો છે એનો અદના ગુજરાતીઓ તરીકે આપણે સૌ મહિમા કરીએ.

ઈધર જા રહે હો યા ઉધર જા રહે હો, કીધર ભી જા રહે હો, સબ રાસ્તા ગૉડ કે પાસ જાતા હૈ...

ઈધર જા રહે હો યા ઉધર જા રહે હો, કીધર ભી જા રહે હો, સબ રાસ્તા ગોડ કે પાસ જાતા હૈ...
- કભી હા કભી ના

૧૯૯૪માં કુંદન શાહ દિગ્દર્શિત 'કભી હા કભી ના' ફિલ્મ ખૂબ જ સુંદર પારિવારિક ફિલ્મ હતી. શાહરૂખખાન હજી 'સુપર સ્ટાર' બન્યો નહોતો. દિપક તિજોરી, સુચિત્રા કિષ્ણમૂર્તિ, રીટા ભાદુરી, સતિષ શાહ, ટીકુ તલસાણીયા, નસીરુદ્દીન શાહ જેવા રંગમંચના કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો. નિર્દોષ રોમેન્ટિક કૉમેડી એવી આ ફિલ્મના સંવાદ રણજિત કપૂરે લખ્યા હતા.

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

ફિલ્મમાં આ સંવાદ 'ફાધર' બનેલા નસીરુદ્દીન શાહના મુખે બોલાવવામાં આવ્યો છે. ૧૯૯૪ના ફિલ્મફેર એવોર્ડમાં ક્રીટીક્સ બેસ્ટ ફિલ્મ, અને ક્રિટિક્સ બેસ્ટ એકટરનો એવોર્ડ આ ફિલ્મના દિગ્દર્શક અને અભિનેતા શાહરૂખ ખાનનો મળ્યો હતો... ૧૯૯૩માં જ 'બાઝીગર' માટે નેગેટીવ રોલ કરનાર શાહરૂખખાને આ ફિલ્મમાં એક 'લૂઝર' તરીકેનો એકદમ અલગ જ કિરદાર નિભાવ્યો હતો.

અર્ચના ફાધર નસીરુદ્દીન શાહે જે સંવાદ કહ્યો છે, તે આમ તો આ આપણા વેદ-ઉપનિષદનું અટલ સત્ય જ છે, અને ભારતીય સંસ્કૃતિનો તો આ જ સંદેશ સમગ્ર વિશ્વને પહેલેથી જ રહ્યો છે.

આકાશાત્ પતિતં તોયં સાગરં પ્રતિ ગચ્છતિ ।
સર્વ દેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ ॥

આકાશમાંથી પડતું પાણી સાગર તરફ જ જાય છે, તેવી જ રીતે દરેક દેવને કરેલા નમસ્કાર એ એક જ ઈશ્વર એક જ પરમાત્માને જાય છે.

ઉપરનો શ્લોક આપણા વેદ-ઉપનિષદના સંદેશના સારરુપ છે, અને આ શ્લોકમાં જ શંકરાચાર્યનો અદ્વૈતનો સિદ્ધાંત ઝલકે છે, તો વળી આવા જ અર્થને દર્શાવતો શ્લોક સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહી ચૂક્યા છે.

શિકાગો ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે હિન્દુ ધર્મની વિશિષ્ટતા દર્શાવતા સમગ્ર જગત સમક્ષ તેમના જગવિખ્યાત ઉદ્બોધનમાં આ જ શ્લોકનું પઠન કર્યું હતું, અને સમગ્ર વિશ્વને સમજાવ્યું હતું કે, એકં સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ ॥ એક જ સત્યને વિદ્વાનો અલગ અલગ રીતે દર્શાવે છે, પરંતુ અંતે તો...

ઘાટ ઘડિયા પછી નામ રુપ જૂજવા

અંત તો હેમનું હેમ હોયે... આ આપણા નરસિંહ મહેતાની પંક્તિઓ અનુસાર... પરમતત્ત્વ ઈશ્વર એક જ છે, તેને આપણે ભલે ભિન્ન ભિન્ન પ્રકારે ભજીએ - પરંતુ તેની પાસે પહોંચતા આપણા પ્રમાણ એક જ ઈશ્વરને પહોંચે છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કાવ્ય મહેફિલ યોજાઈ

'વૃત્ત સંચય'

ગરવી ગુજરાતી માતૃભાષાને સદાય ધબકતી અને મઘમઘતી રાખવા, ગાંધીનગર સાહિત્ય સભા છેલ્લા ૨૩ વર્ષથી કાર્યરત રહી, દર માસના બીજા રવિવારે, સાહિત્યિક કાર્યક્રમો યોજે છે. કોરોના વૈશ્વિક મહામારીના કારણે,આ બેઠક ઑનલાઈન યોજવામાં આવતી હતી. છ માસ બાદ, સપ્ટેમ્બર માસની બેઠક, રૂબરૂ મુલાકાત સાથે, તા.૧૩-૯-૨૦૨૦ના રોજ, ગુરૂકુળ હાઈસ્કૂલ ખાતે, સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને, સોશિયલ ડિસ્ટન્સ,માસ્ક અને સેનેટાઈઝરની પૂરતી કાળજી સાથે યોજાઇ ગઈ.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

પારૂલ મહેતા અને સેજલ વાળાના મધુર કંઠે, શબદની દેવીની સ્તુતિ વંદનાથી, આ 'ઘર ઘરની કાવ્ય મહેફિલ'ની શરૂઆત બાદ, આ મહેફિલનો દોર, જાણીતા વાર્તા/નવલકથાકાર કલ્પેશ પટેલ દ્વારા સંભાળવામાં આવ્યો હતો. નિરંજન શાહ, બાબુભાઈ નાયક, ગુલાબચંદ પટેલ, ઈશ્વરલાલ જોષી, ગિરીશ નિલગીરી, મહેન્દ્ર રાઠોડ, કેતન નાણાવટી, મનોજ સરૈયા અને અધ્યક્ષ સંજય થોરાત તથા ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ દ્વારા પોતાની રચનાઓ રજૂ કરવામાં આવી હતી. પ્રતાપસિંહ ડાભી 'હાકલ'એ તરણુમ રચના અને કવિ કિશોર જિકાદરાએ ગઝલ પ્રસ્તુત કરી, લોકોની દાદ મેળવી હતી. બેઠકના સંયોજક તરીકે કા.સભ્ય ઉમંગ વસાણીએ સેવા આપી હતી. આભારવિધિ કોષાધ્યક્ષ મહેન્દ્ર રાઠોડે કરી હતી.આ કાવ્ય મહેફિલમાં રજૂ થયેલ રચનાઓને સર્વેએ ભલીપેર નાણી, વખાણી અને મનભેર માણી હતી.

- muljibhaidadhi@gmail.com
(M) 9824236893

વિન્સ્ટન ચર્ચિલ : મહાન રાજપુરુષ અને સમર્થ સાહિત્યકાર

ભારતને આઝાદી ન મળે તે માટે તમામ પ્રયાસ કરનાર સર વિન્સ્ટન્ટ ચર્ચિલનું નવ દાયકાનું ભાતીગળ જીવન વિશ્વના ઇતિહાસનો એક મહત્વનો હિસ્સો છે. ૧૯૬૫ના જાન્યુઆરી માસમાં ચર્ચિલ અનંતની યાત્રાએ ગયા. ચર્ચિલને શ્રધ્ધાંજલિ આપતાં ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું : ''ચર્ચિલની અવિસ્મરણિય સેવાઓની સ્મૃતિ સદીઓ સુધી તાજી રહેશે.'' ચર્ચિલના જીવનનો કદાચ આ એક વિરોધાભાસ હતો કે તેઓ પ્રખર શાહીવાદી હોવાની સાથે સાથે પ્રખર સ્વાતંત્ર્યવીર હતા. વાડીલાલ ડગલીએ લખ્યું : ''ચર્ચિલના જવાથી સભ્ય ચર્ચાના મહેલનો મોભ તૂટી પડ્યો છે. '' શબ્દોજ જેમના માટે ''કંકુ અને ચોખા'' હતા તેવા ચર્ચિલ એક સુવિખ્યાત રાજપુરુષ હોવા ઉપરાંત દિગ્ગજ સાહિત્યકાર હતા.

વિશ્વમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવા મથનાર બળોને ચર્ચિલે ખુલ્લેઆમ પડકાર્યા. નાઝીઓનો ઐતિહાસિક પરાજય થયો. ચર્ચિલ વિજેતા પુરુષ તરીકે બહાર આવ્યા. યુધ્ધ પૂરું થયા બાદ થોડા સમયમાંજ ઇંગ્લાંડમાં ચૂંટણી થઇ. એક મોટું આશ્ચર્યજનક પરિણામ આ ચૂંટણીનું આવ્યું. યુધ્ધમાં ઇંગ્લાંડ સહીત અનેક રાષ્ટ્રોને પ્રબળ નેતાગીરી પૂરી પાડનાર ચર્ચિલના પક્ષની હાર થઇ. ચર્ચિલના વ્યક્તિત્વ માટે અહોભાવ ધરાવનારી જનતાએ તેમને ચૂંટણીમાં હરાવ્યા. યુધ્ધકાળ કરતા શાંતિના સમયમાં દેશના પુનઃનિર્માણનું કામ અલગ પ્રકારની કૂશળતા માગે છે તેમ કદાચ બ્રિટનની પ્રજાએ માન્યું હોય. પ્રજામતની આટલી સ્વસ્થતા તેમજ પરિપક્વતાનો આ કિસ્સો પણ અસામાન્ય છે. ચર્ચિલનું અસામાન્ય યોગદાન જોતાં તેમને ઉમરાવ બનાવવા માટે ઘણાં લોકોએ પ્રયાસ કર્યા. ફરી અહીં ચર્ચિલે ઉમરાવ પદ સ્વીકારવાની ના પાડીને એક અલગ ખમીરના દર્શન કરાવ્યા. ઉમરાવ થાયતો તેમણે પોતાને પ્રિય એવા પાર્લામેન્ટના હાઉસ ઓફ કોમન્સમાંથી નીકળી જવું પડે. છ દાયકા સુધી બ્રિટિશ લોકસભામાં બેસનાર આ માણસને લોર્ડ બનવું ન હતું. કદાચ લોર્ડ થવામાં કોઇ ઘર્ષણ કે પડકાર ન હતા. સંઘર્ષ સિવાયની કોઇ સિધ્ધિ કે સવલતનો મોહ ચર્ચિલને ન હતો. આ વિશ્વ પ્રસિધ્ધ રાજપુરુષની છાતીમાં કોઇ જુદેરી શૂરવીરતા હતી. સુંદરજી બેટાઇના શબ્દો આ સંદર્ભમાં યાદ આવે છે.

ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મુંઝાયે અંતરના હોયે જે કાયરા,
તારી છાતીમાં જૂદેરું કો શૂર છે !
બંદર છો દૂર છે જાવું જરૂર છે

બેલી તારો બેલી તારો બેલી તારો તુંજ છે !

બ્રિટનની પાર્લામેન્ટમાં ચર્ચિલ પ્રથમ વખતે ચૂંટાયા ત્યારે તેમની ઉમ્મર માત્ર ૨૫ વર્ષની હતી. ચર્ચિલ ઇંગ્લાંડના વડાપ્રધાન થયા તે પહેલા તેમણે બ્રિટિશ પ્રધાનમંડળની લગભગ તમામ જવાબદારીઓ સંભાળી હતી. સરકારની એકંદર કામગીરી તેમજ તેના માળખાથી તેઓ પૂર્ણતઃ માહિતગાર હતા. બીજા વિશ્વયુધ્ધના આ જગતવિજેતાની ઘરઆંગણાંની ચૂંટણીમાં હાર થઇ. લોકશાહીના પૂજારી ચર્ચિલે જનતાનો નિર્ણય સ્વીકારી વિરોધ પક્ષના નેતા તરીકે કામ સમાન જુસ્સાથી શરૂ કર્યું. ફરી એકવખત બ્રિટનની ચૂંટણીમાં લોકોએ ચર્ચિલ અને તેના પક્ષને વિજયી બનાવ્યો. ૭૭ વર્ષની ઉમ્મરે ફરી ચર્ચિલ વડાપ્રધાન થયા. ૮૧ વર્ષની ઉમ્મરે તબીયતની નાદુરસ્તીને કારણે આ મહાન રાજપુરુષે નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો. બ્રિટિશ પાર્લામેન્ટના આજન્મ ઉપાસકે નિવૃત્તિ માટે પાર્લામેન્ટની મંજૂરી માંગી. હાઉસ ઓફ કોમન્સમાંથી સદીના શ્રેષ્ઠ લોકનાયક તથા સાંસદ વિન્સ્ટન્ટ ચર્ચિલને ભારે હૈયે તથા સર્વોચ્ચ આદર સાથે વિદાય આપવામાં આવી. સમય મળ્યો ત્યારે બીજા વિશ્વયુધ્ધનો તેમણે ઇતિહાસ લખ્યો. ચર્ચિલની સાહિત્ય સેવા માટે તેમને ૧૯૫૩માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું. એક રાજપુરુષ હોવા ઉપરાંત નોબેલ પારિતોષિક મળવા માટે પાત્રતા ધરાવતા હોય તેવું સમર્થ વ્યક્તિત્વ ચર્ચિલ ધરાવતા હતા.

ચર્ચિલની ભાતીગળ રાજકીય કારકિર્દીના સુવર્ણ પ્રકરણો લખાયા એ સમય બીજા વિશ્વ યુધ્ધનો હતો. ૧૯૪૦માં બેફામ બનેલા જર્મનીએ ફ્રાન્સ, બેલ્જિયમ તથા હોલેન્ડ પર આક્રમણ કર્યું. બ્રિટનની તે સમયની ચેમ્બરલેઇનના નેતૃત્વ હેઠળની સરકાર ગબડી અને ચર્ચિલ ઇંગ્લેન્ડના વડાપ્રધાન થયા. બધા પક્ષોને સાથે રાખીને ચર્ચિલે કપરા સમયમાં ઇંગ્લાંડને બચાવવાનું અને જર્મનીને

જ્ઞાનના ચણીબોર
વી. એસ. ગઢવી

વિજયતરફની હરણફાળને ખાળવાના કપરા કામને હાથમાં લીધું. આ દિવસે તેમણે પોતાની ડાયરીમાં લખ્યું :

''રાજકીય કટોકટીના આ ભારે પ્રવૃત્તિમય દિવસોમાં મારી નાડીના ધબકારા ક્યારેય વધ્યા ન હતા... ભાગ્ય વિધાતા સાથે હાથમાં હાથ મીલાવીને હું ચાલતો હતો. '૧૯૪૦ થી ૧૯૪૫ દરમિયાન જગતે આ મહાપુરુષના વિરાટ વ્યક્તિત્વની પ્રતિતિ કરી. તેમણે ઇંગ્લેન્ડની પાર્લામેન્ટને કહ્યું :

''રૂધિર, પરિશ્રમ, અશ્રુ અને પરસેવા સિવાય મારી પાસે કશું નથી. આપણી નીતિ શી છે ? આપણી નીતિ છે લડાઇ લડવી. આપણી બધી શક્તિ ખર્ચીને લડાઇ લડવી. આપણું ધ્યેય શું છે ? વિજય. કોઇપણ ભોગે વિજય. સિતમગર સામે વિજય. પંથ ભલે લાંબો અને વિકટ હોય, વિજય વિના આપણી હયાતી શક્ય નથી.''

ઘણાં લોકો માનતા હતા કે બ્રિટન ત્રણ મહિના પણ નહિ ટકે. પરંતુ ચર્ચિલની શક્તિ અસાધારણ હતી. ચર્ચિલ ભાષાના સમર્થ સ્વામી હતા. તેના અનેક ઉદ્બોધનોની વાણી ભાવ તથા અર્થને શિખરે પહોંચાડે છે તેમ દર્શકે લખ્યું છે.

સેક્સપિયર પછી પહેલીવાર અંગ્રેજી ભાષાનો આટલો સર્વવ્યાપી ઉપયોગ ચર્ચિલે કર્યો હતો તેવું વાડીલાલ ડગલીનું અવલોકન યથાર્થ છે. બ્રિટન યુરોપમાં એકલું પડી ગયું હતું. શસ્ત્રો ઓછા હતા. પરંતુ ચર્ચિલે પડકાર ફેંકીને કહ્યું :

''આપણે નથી ડગવાના કે નથી હારવાના. ઇંગ્લાંડનું રક્ષણ એ આપણો નિરધાર છે. તે માટે ફના થઇ જઇએ તો પરવા નથી.''

ઈંગ્લેન્ડ જાગી ગયું. સજ્જ થયું. જર્મનીના સતત બોમ્બમારાથી બચવા ભૂગર્ભમાં રક્ષણ લેતા સામાન્ય નાગરિકોની ખુમારી જોઇને ચર્ચિલ જાહેરમાં રડી પડ્યા હતા. ચર્ચિલ અને પંડિત જવાહરલાલ નહેરુ બન્ને હેરોમાં ભણેલા. કપરામાં કપરા સમયમાં પણ સમગ્ર પ્રજાને નેતૃત્વ તથા દિશા પૂરી પાડનાર અગ્રજનોના નામ લેવાશે ત્યારે મહાત્મા ગાંધી તેમજ વિન્સ્ટન્ટ ચર્ચિલનું નામ હમેશા અગ્રભાગે રહેશે.

બાળકો પાસે જો શ્રમ કરાવાય તો એ શોષણ નહીં!

ગાંધીએ કેળવણીની ગુંથણી શ્રમકાર્ય સાથે હોવી જોઈએ એમ કહ્યું હતું. અર્થાત્ બાળક શાળા શિક્ષણમાં જોડાય ત્યારથી તેને હાથ ઉદ્યોગ સાથે જોડવામાં આવે તો એને પુસ્તકિયા જ્ઞાન કરતાં પ્રત્યક્ષ જ્ઞાન મળી રહે, શીખવા સમજવામાં આ ક્રિયાશીલ જ્ઞાન પ્રત્યક્ષ મળે છે. એ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય એમ સ્પષ્ટ કર્યું હતું. ગાંધીજીની આખી યોજના માત્ર દેખાડવા પૂરતી નહીં પરંતુ તેનું રહસ્ય સમજવા માટે ખૂબ જરૂરી છે. રહસ્ય બરાબર સમજીને જો એને અમલમાં મૂકવામાં આવે તો સાર્વત્રિક કેળવણીનો આદર્શ સિદ્ધ થવાની ચોક્કસ આશા મળી રહે. અને દેશ માટે શિક્ષણના ક્ષેત્રમાં આનાથી વધુ સારો વ્યવહારું માર્ગ ન હોઈ શકે એમ શ્રી આચાર્ય કૃપાલાણીજી કહે છે.

પરંતુ ગાંધીએ બાળકોને શાળા શિક્ષણથી ઉદ્યોગમાં જોડવાની વાત કરી તેની સામે અનેક વિરોધો વ્યક્ત થયા હતા. જો કે મહત્તમ વિરોધ સમાજવાદી અને સામ્યવાદી (માર્કસિસ્ટ) વિચારકોનો હતો. આ વિચારકો ગાંધીના હસ્તઉદ્યોગ સાથેના શિક્ષણમાં બાળકનું શોષણ જોવે છે. તેમનો સવાલ એ હતો કે આ રીતે તો નાની ઉંમરથી જ બાળકો પાસે વૈતરું કરાવીને તેમનો પૂરેપૂરો શ્રમ ચૂસવાની વ્યવસ્થા ઊભી થાય. આ વિચારકો તો માર્કસે જે શ્રમજીવીઓના શોષણમાં મૂડીપતિ શ્રમિક માટે અતિરિક્ત શ્રમ કરાવીને તેમનું શોષણ નાની ઉંમરના બાળકોના શોષણમાં જોતા હતા. બાળકનો સમગ્ર શ્રમ એ જ શોષણ એવો મત તેમનો હતો. એટલે બાળ ઉંમરથી જ માનવ શોષણ શરૂ થાય એવી આત્યંતિકતા સમાજમાં પ્રસરે એવો ભય વ્યક્ત કરતા હતા. જો કે કૃપાલાણી આ સંબંધે સરસ જવાબ આપે છે. તેઓ સમાજવાદીઓને સમજાવે છે :

હાથ ઉદ્યોગ સાથેના ગાંધીના શિક્ષણ સામે સમાજવાદીઓનો સવાલ

શબ્દોની જોહાકીનો મૂર્તિમંત નમૂનો છે. 'બાળકોની મજૂરી'- એ વસ્તુની કાંઈ કે વિગતોમાં ઊતર્યા વિના સીધી જ તેતે વખોડી કાઢવામાં આવે છે. તેથી એ મુદ્દા ઉપર સામ્યવાદી પેગંબર અતે સામ્યવાદી શાસ્ત્રનો ઉતારો અહી ટાંકવો અસ્થાને નહીં ગણાય. એ બે નામોનો આધારા મળતાં તરત તે લોકોને ખાતરી થઈ જશે, તથા આ પ્રશ્નનું નિરાકરણ આવી જશે. માર્કસ આ મુદ્દા ઉપર આ પ્રમાણે કહે છે :

'કઈ ઉંમરથી નીચેનાં બાળકોને મજૂરી ન કરવા દેવી જોઈએ એ, એ દર્શાવવાની પણ જરૂર છે. બાળકે પાસે કંઈ પણ કામ કરાવવાની બંધી કરવી, એ તો મોટા ઉદ્યોગોના આ જમાનામાં સુસંગત ન જ કહેવાય, અને પરિણામે તે એક રૂપાળી ભાવના જ રહે - અમલમાં ન આવી શકે. અનેધારો કે એવી બંધી અમલમાં મૂકવી શકય હોય, તોપણ તેને પ્રગતિવિરોધી પગલું જ ગણવું જોઈએ. કામ કરનારની ઉંમરના પ્રમાણમાં તેના કામકાજના કલાકો નિયમિત કરવામાં આવે, અને બાળકોના રક્ષણ માટે બીજા આવશ્યક સાવચેતીનાં પગલાં લેવામાં આવે, તો શિક્ષણ સાથે ઉત્પાદક કામકાજને શરૂઆતથી જોડાવું એ તો આધુનિક સમાજના પલટા માટે ભારે મોટું બળશાળી સાધન નીવડી શકે.'

પરંતુ એવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે, છોકરાઓએ કરેલા કામકાજમંથી ખરેખર ધારવામાં આવે છે કે તેટલું મળતર મળી રહે કે કેમ; અર્થાત્ શિક્ષકનો પગાર તેમાંથી મળી રહે કે કેમ. આ બાબતમાં તો, જેઓએ એવો કોઈ હાથ-ઉદ્યોગના ક્ષેત્રમાં કામ કર્યં હોય, અને સાતથી ચૌદ વર્ષની ઉંમરનાં બાળકોની કમાણીની કાળજીપૂર્વક ગણતરી કાઢી હોય, તેવા લોકોના અનુભવ ઉપર જ આપણે આધાર રાખી શકીએ.

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

વર્ધામાં શ્રી વિનોબા ભાવેએ નાલવાડી આશ્રમમાં એવા અખતરા કરી જોયા છે. એ અખતરાઓથી એવું સાબિત થાય છે કે, રેંટિયા ઉપર રોજ બે કલાક કામ કરવામાં આવે, તો એક સામાન્ય વિદ્યાર્થી દર મહિને એક રૂપિયાથી દોઢ રૂપિયાની કમાણી કરી શકે. આ ગણતરી આઠ કલાકના એક દિવસના કામની ઓછામાં ઓછી ત્રણ આના મજૂરી ગણીને કરેલી છે. ચરખા સંઘ આજકાલ રોજતા ત્રણ આના મજૂરી આપે છે.

મધ્યપ્રાંતોના વર્ધાવાળા અપ્યાપનમંદિર સાથે જોડવામાં આવેલી પાયાની કેળવણીવાળી શાળામાં છેલ્લા થોડા મહિનાના આંકડાની ગણતરી ઉપરથી પણ જણાય છે કે, ઉપરનો અંદાજ લગભગ સાચો છે. ત્રણ મહિના તકલી ચલાવવાના મહાવરો કર્યા પછી, અથવા કહો કે અખતરાના પહેલા ત્રણ મહિનામાં, વિદ્યાર્થીઓમાંનો દરેક જણ મહિને દશ આના મજૂરી મળે તેટલું કાંતતો થયો હતો. કાંતતી વેળા શરૂઆતમાં થતા બગાડને લક્ષમાં રાખીને ઉપરની ગણતરી આપેલી છે. જો ત્રજ મહિનાના મહાવરાથી જ તકલી ઉપર આ પરિણામ લાવી શકાયું, તો વધુ મહાવરા પછી, અને ખાસ કરીને તકલીની જગાએ રેંટિયો ચલાવવામાં આવે તો, મહિને વિદ્યાર્થી દીઠ મજૂરીની આવક એક રૂપિયાથી માંડીને દોઢ રૂપિયા જેટલી થાય એવી અપેક્ષા રાખવી, એ કાંઈ વધારે પડતું ન કહેવાય. પૂઠાકામના ઉદ્યોગમાંથી તો તેથી પણ વધુ આવક થાય છે. વર્ધાના વિદ્યાર્થીઓઓ તે ઉદ્યોગ વડ